# પ્રકરણ – ૫

# પ્રકરણ – ૫
# ઉપસંહાર

ઉત્તર ગુજરાતના ધબકતા લોકજીવનનો પડઘો એની લોકપરંપરામાં જોવા મળે છે. ઉત્તર ગુજરાત બીજા પ્રદેશોની જેમ લોકસાહિત્યની એક સમૃધ્ધ અને વિશાળ પરંપરા ધરાવે છે. પ્રસ્તુત વિષય પર શોધ કરવાની ઇચ્છા મને એ જ કારણથી થઇ હતી કે ઉત્તર ગુજરાતમાં અનેક પરંપરાઓ સ્થાપિત થયેલી છે અને તે પરંપરાઓને ઉજાગર કરતા પુસ્તકો, સંશોધનો ખૂબ ઓછા પ્રમાણમાં અને એ પણ સાહિત્ય સ્વરૂપમાં પ્રગટ થયેલા છે. શાંતિભાઇ આચાર્ય, પુષ્કર ચંદરવાકર, ડૉ. ભગવાનદાસ પટેલ, પ્રેમજી પટેલ, ડૉ. અમૃત પટેલ, પ્રભુદાસ પટેલ, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. ઉત્પલ પટેલ, ડૉ. પ્રાંજલિ પટેલ, પ્રજ્ઞા પટેલ વગેરે સંશોધકો-સંપાદકો દ્વારા ઉત્તર ગુજરાતના લોકસાહિતયને ઉજાગર કરવાની ભારે જહેમત ઉઠાવી છે. તેમની આ કામગીરી ખૂબ પ્રશંસનીય છે. પરંતુ આ બધા જ સંશોધનો સાહિત્યિક હોવાથી પરંપરાગત ગવાતા લોકસંગીતનો સંગીતના તત્ત્વનો અભ્યાસ ખૂબ ઓછા પ્રમાણમાં થયેલો છે. સમય પ્રમાણે આ લોકપરંપરાઓના લોકગીતો, લોકનૃત્ય, લોકકથાઓ વગેરે લુપ્ત ન થાય તે માટે સંગીતનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો ખૂબ જરૂરી હતો. જે માટે મેં આવા પરંપરાગત ગીતોને ભાતખંડે સ્વરલિપિમાં સ્વરબધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેની આ ગીતોની સ્વરરચના એના એ સ્વરૂપમાં સચવાઇ રહે અને લુપ્ત ન થાય.

પ્રથમ પ્રકરણમાં ઉત્તર ગુજરાત કે જે પ્રાચીન સમયમાં 'આનર્ત' પ્રદેશ તરીકેની ઓળખ ધરાવતો હતો, તેના ભૌગોલિક ઇતિહાસની આરંભથી વર્તમાન સુધીની વાત કરી છે. આજના ઉત્તર ગુજરાતના ભૌગોલિક વિસ્તાની જાણકારી તેના પાંચ જિલ્લાઓ, તેનું ક્ષેત્રફળ, જિલ્લાઓને ઇતિહાસ, તેની પ્રાકૃતિક રચના, તેમાં આવેલ નદી, નાળા, જંગલો, પર્વતમાળાઓ, જમીનના પણ્રકારો, ખનીજતત્ત્વો, આબોહવા, ખેતીવાડી, તેના મુખ્ય જોવાલાયક સ્થળો વાહન વ્યહહારના માર્ગો વગેરેની જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. ઉત્તર ગુજરાતની જનજાતિઓ, સામાજિક રીત-રિવાજો, વ્યવસાય, પર્વ, તહેવારો, તેમની જીવનશૈલી, પ્રણાલિગત સંસ્કારો, મુસલમાનોની જીવનશૈલી, તેમના રીત-રિવાજો, ઉત્સવો,

તહેવારો, મેળાઓ વગેરે સામાજિક વારસાનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. ઉત્તર ગુજરાતના સાંસ્કૃતિ વારસામાં તેના શિલ્પ, સ્થાપત્યો, મંદિરો, ચિત્રકલા, નર્તનકલા, સંગીતકલા વગેરેનો સામાન્ય પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

દ્વિતીય પ્રકરણમાં લોકપરંપરાની વ્યાખ્યા અને વિભાવના આપીને 'લોક' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ 'લોક' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ, folklore શબ્દની ઉત્પત્તિ, તેની વ્યાખ્યા તેમજ લોકપરંપરા શબ્દની વયાખ્યા અને વિભાવના આપવાનો પ્રયત્ન કર્યો છે. લોકપરંપરા વિશેનો ઝીણવટપૂર્વકનો અભ્યાસ કરતા તેની લાક્ષણિકતાઓ જેવી કે ભૌતિક જીવનને લગતી લોકપરંપરા જેમાં ઘરનું રાચરચિલું, મકાન, પોશાક, વ્યવસાય, ખાનપાનની ટેવો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લોકકલા અને લોકસાહિત્ય કે લાકવાઙમયને લગતી લોક પરંપરાઓની ટૂંકમાં જાણકારી આપીને લોકવાઙમયની વ્યાખ્યા, તેનું સ્વરૂપગત વર્ગીકરણ આપીને લોકપરંપરાની વિશેષતાઓને દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. લોકશાસ્ત્રમાં સંગીતના તત્ત્વ અંગે સામાન્ય જાણકારી આપવા વિનમ્ર પ્રયાસ કર્યો છે.

તૃતીય પ્રકરણમાં લોકસંગીતની વ્યાખ્યા અને વિભાવના વિશે જાણકારી આપતા લોકસંગીતનો ઉદ્ભવ અને વિકાસની માહિતી આપી લોકસંગીતની વ્યાખ્યા તેમજ તેના લાક્ષણો અને તેમાં પણ ઉત્તર ગુજરાતના લોકસંગીતના મુખ્ય લક્ષણોની જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત, લોકસંગીતના વાદ્યોનો ઉદ્ગમ અને વિકાસની જાણકારી આપી લોકવાદ્યોના ચાર વર્ગીકરણ સાથેની વિસ્તૃત જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. ત્યારબાદ લોકસંગીતના પ્રકારો જેવા કે લોકગીતો, લોકવાર્તા, ભવાઇ, પ્રકીર્ણ લોકસાહિત્ય (કહેવતો, વ્રત, ઉખાણાં, છંદો, લોકોક્તિઓ, હાલરડાં, જોડકણાં, રમતગીતો) લોકનૃત્ય વગેરેની વિસ્તૃત જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે.

ચતુર્થ પ્રકરણમાં ઉત્તર ગુજરાતની વિવિધ લોકજાતિઓની લોકપરંપરાઓનો અભ્યાસ દર્શાવવામાં આવ્યો છે. ઉત્તર ગુજરાતની વિશેષ લોકપરંપરાઓમાં બારોટ (ગઢવી), ચારણ, મીર, ચૌધરી, ગરરો, રબારી, ભરવાડ-માલધારી, રાજપૂત, પાટીદાર, આદિજાતિ વગેરે જાતિઓ વિશેષ છે. તેથી આ તમામ લોકજાતિઓના રીત-રિવાજો, પર્વ-તહેવારો, તેઓની

જીવનશૈલી વ્યવહારો વગેરેનો અભ્યાસ કરી, તેમાં રહેલા સાંગીતિકતત્ત્વોનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ તમામ લોકજાતિઓની વિવિધ પરંપરાઓ જેવી કે બારોટોની વહીવંચાની પરંપરા, સાહિત્યિક પરંપરા, લોકનૃત્ય (મરચી નૃત્ય), લોકગીતો, કચ્છી ઘોડી નૃત્ય, મરશિયાં, ભવાઈ પરંપરા, લગ્ન પરંપરાના ગીતો, વગેરે, ચારણ સમાજની પરંપરાઓમાં તેમના છંદ-દુહા, લોકગીતો, માતાજીની વિવિધ સ્તુતિઓ, ચરજો, મણિયારો, તરવેડો, ભેળિયો, મામેરા, ફૂલેકુ, માંડવા, પીઠી, ગોત્રીજો, ગ્રહશાંતિ, સામૈયું, ફટાણાં, કંસાર, વાણેલાંના ગીતો, કન્યાવિદાય જેવા, લગ્નગીતો, મરશિયાં, સુવાળુ (સુતક) વગેરે જેવા ગીતો દ્વારા નિભાવાતી લોકપરંપરાઓ, ગરો સમાજના હાલરડાં, સીમંત, વિવિધ પ્રકારના લગ્નગીતો, પુર્નલગ્ન, મરસિયાં, લોકસાહિત્ય વગેરે, રબારી-ભરવાડ, માલધારી સમાજની લોકપરંપરાઓમાં કાનુડો, રમેલો, રેંડી, પૂંજ મહોત્સવ વગેરે, મીર સંપ્રદાગયની લોકપરંપરાઓ સંગીત-નાટ્યની કુદરતી બક્ષિસથી ભજવાતી નૃત્ય નાટિકાઓ, ગરબી, લગ્ન તહેવારોના ગીતો, નિકાહના ગીતો, મરણ પ્રસંગે ગવાની મેવાડી ગીતો વગેરે પરંપરાઓ રહેલી છે. તો રાજપૂત સમાજમાં દોહા-છંદ, માંડવો, વેલ (માંડુ) વગેરે લગ્નગીતો, લોકગીતો, શ્રીમંતના ગીતો વગેરે લોકપરંપરાના ગીતો આંજણા ચૌધરી સમાજની લોકપરંપરાઓમાં તેમના શ્રીગણેશપૂજનવિધિ, કંકોતરી, ફૂલેકુ, પીઠી, મેંદી, માંડવો, વિદાય ફટાણાં, વર-કન્યાના વધામણા, લગ્નવિધિના ગીતો વગેરે જેવા લગ્નગીતો, મરશિયાં વગેરે લોકપરંપરાના ગીતો તો પાટીદાર સમાજના પણ વિવિધ લોકપરંપરાના લોકગીતો, લગ્નગીતો, ખીમળીઓ, શુકન, ઉકરડી, મામેરા, ગ્રહશાંતિ, પીઠી, ફટાણાં વગેરે ગીતોની પરંપરાઓ અને આદિજાતિઓની લોકપરંપરાઓમાં ભીલ, કુનળી, વારલી, જાતિઓની વિવિધ લોકપરંપરાઓ તેમના મેળાનૃત્યો, હોળી, અખાત્રીજ વગેરે ઉત્સવો, પર્વો, લોકગીતો, ઢીંડવાડીના ગીતો, માદળ નૃત્ય, ડુંગરદેવીની પૂજા ઠાકર્યા નૃત્ય, તમાસા (ભાવની), ગવબન, ભાયાનૃત્ય, હાલરડા વગેરે જેવા લોકપરંપરાઓ પર આધારીત લોકસંગીતનો વિશ્લેષણાત્મક અભ્યાસ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

આજ સુધી ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રેની કામગીરી ઉલ્લેખનીય રહેલી છે. લોકસાહિત્યના વિદ્વાનો, સંશોધકો-સંપાદકો વગેરે એ નવીન સંશોધકો-

સંપાદકોને પ્રેરણા આપે એવું નોંધપાત્ર કાર્ય કર્યું છે. પરંતુ, આ પ્રદેશના લોકપરંપરાઓ, લોકગીતો, લોકનૃત્યો, લોકનાટ્ય-ભવાઈ, પર્વો, તહેવારો વગેરેના રેકોર્ડિંગ કે વિડીયો કેસેટોની ઓડિયો-વિડીયો લાયબ્રેરી થકી યોગ્ય જાળવણી થાય તે ખૂબ જરૂરી બન્યું છે. મેં મારા આ શોધનિબંધ જે કંઈ લોકપરંપરાઓ, લોકગીતો, દોહા, છંદ, લોકનૃત્યો, લોકનાટ્યો, ભલાઈ, પર્વો-તહેવારો વગેરેનો સગ્રહનો અભ્યાસ કર્યો છે, તે હજુ પણ મને ઓછો લાગે છે. હજુ પણ ઉત્તર ગુજરાતના ઘણા બધા પ્રદેશો, વિષયો વણખેડાયેલા રહ્યા છે. ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે આવીને વસેલી નિરાશ્રિત કોમોની લોકસંસ્કૃતિ, વટ-વ્યવહારો, રીતિ-રિવાજો, પરંપરાઓ, માન્યતાઓ અને તેમના વિવિધ પ્રસંગોમાં ગવાતાં લોકગીતો, લોકનૃત્યો, તેમની કહેવતો, લોકકથાઓ વગેરેની એક સમૃદ્ધ પરંપરા વિશે સંશોધકો-સંપાદકોએ કામ કરવાની તાતી જરૂરિયાત છે. કાળાનુક્રમે આ પરંપરાઓ લુપ્ત થઈ જાય છે તે પહેલાં તેને સંશોધન-સંપાદન થકી જાળવી લેવાની ખૂબ મોટી જરૂરિયાત છે. મેં મારા શોધનિબંધમાં ઉત્તર ગુજરાતના મોટાભાગના પ્રદેશોને આવરી લેતી લોકપરંપરાઓના સંગીતનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં છતાં હજુ પણ આ વિશે નવા સાંગીતિક વિશ્લેષણ થાય તેવી માટી અંતરની અભિલાષા છે. છેલ્લે મારા આ શોધનિબંધમાં મને સાથ-સહકાર આપનાર તમામ નામી-અનામી વ્યક્તિઓનો હું હૃદયથી આભાર માનું છું. આ અભ્યાસને પૂર્ણવિરામ ન આપતાં હજુ પણ આમાં નવા-સંશોધનો માટેનો પ્રયત્ન થતો રહે તેવી અંતઃકરણની ઈચ્છા સાથે મારી કલમને વિરામ આપું છું.